# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૦૮૦
## તારીખ.૨૦–૦૬–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવ ક્રમાંક એસએજી–૧૦૨૦૧૮–ભા.સ–૮–બ– તારીખ.૧૫–૦૫–૨૦૧૮ (૨) મે.કલેકટર સાહેબ આણંદન પત્ર નંબર. એડીએમ/૧/ વશી/૮૪૮ તારીખ.૦૫–૦૬–૨૦૧૮ (૩) મે.કલેકટર સાહેબ આણંદન પત્ર નંબર. એડીએમ/યોગ ડે/વશી/૮૬૪ તારીખ.૦૬–૦૬–૨૦૧૮ (૪) રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પત્ર નં.એસએજી–૧૦૨૦૧૮–૭૧૩–બ તારીખ. ૦૫–૦૬–૨૦૧૮ (૫) રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પત્ર નં. એસએજી–૧૦૨૦૧૮–૭૧૩–બ તારીખ.૦૪–૦૬–૨૦૧૮થી સરકારશ્રીના પત્ર મુજબ તારીખ.૨૧મી જુન ૨૦૧૮ ના રોજ વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવા માટે આવેલ છે તે મુજબ કરવા તેમજ કાર્યક્રમનું આયોજન કરવા કાર્યક્રમ સંબંધીત થનાર તમામ ખર્ચ અને સરકારશ્રી તથા મે. કલેકટર સાહેબ આણંદ તરફથી આપવામાં આવેલ તેની તમામ સુચનાઓ ચુસ્ત અમલવારી કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા તથા તમામ ખર્ચ કરવા અને સુવ્યસ્થિત કાર્યક્રમ થાય તે મુજબનું જરૂરી તમામ આયોજન કરવા અંગે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી, ચીફ ઓફીસરશ્રીને તમામ ખર્ચ કરવા સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૦૮૧
## તારીખ.૨૦–૦૬–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમાંક : તલમ/૧૨/૨૦૧૮/૬૧૯૬૦/આર–૨ તારીખ.૦૬–૦૪–૨૦૧૮નો પત્ર તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦/૨૦૧૮/૫૯૪/સ/તારીખ.૨૩–૦૪–૨૦૧૮તથા કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ, એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરના પત્ર નંબર. કમિ.મ્યુનિ/સંકલન/વશી/ઈ–મેઈલથી રવાના/૨૦૧૮ તારીખ.૦૩–૦૫–૨૦૧૮ના પત્રો વંચાણે લેતા મુખ્યમંત્રીશ્રી, એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ લક્ષ્યાંક પ્રમાણે એપ્રેન્ટીસની ભરતી કરવા તથા તે અંગેનું સરકારશ્રીના નિયમો, પરિપત્રોમાં જણાવ્યા મુજબનું સ્ટાઈપેન્ડ ચુકવવા મંજુર કરવામાં આવે છે તથા નગરપાલિકાની જુદી જુદી મિલકતો જેવી કે નગરપાલિકા કચેરી, કોમ્પલેક્ષ તથા શોપીગ સેન્ટરોની સાચવણી કરવા માટે સીકયુરીટીની નિમણુંક કરવા માટે ભરતી અંગેની શરતો તથા એપ્રેન્ટીસની ભરતી કરવા અંગેની આગળની તમામ કાર્યવાહી કરવા નગરપાલિકાના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી, અને ચીફ ઓફીસરશ્રી ને સત્તાઓ આપવા ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં..૦૮૨..
## તારીખ.૨૦–૦૬–૨૦૧૮

ખંભાત નગરપાલિકામાં વિસ્તારમાં સરકારશ્રી વિવિધ યોજનાઓ અંતર્ગત નીચેના કામો પૂર્ણ થયેલ છે.

(૧) ત્રણ દરવાજા ટાવરની રીનોવેશન કામગીરી (યુ.ડી.પી–૭૮ / ૨૦૧૩–૧૪)

(૨) મેલેરીયા ઓફિસ રીનોવેશન કામગીરી (યુ.ડી.પી–૮૮ / ૨૦૧૭–૧૮)

(૩) મહાત્મા ગાંધી સર્કલ રીનોવેશન (યુ.ડી.પી–૭૮ / ૨૦૧૪–૧૫)

(૪) ઋણમુકતેશ્વર ખુતરમાં ૮.૦૦ લીટર કેપેસીટી ટાંકી (UIDSSMT)

સદર કામોના લોકાર્પણ કામગીરી અન્વયે ૪"×૨'.૬" ની સાઈઝમાં નગરપાલિકાના નમુના મુજબ ગ્રેનાઈટ પથ્થરમાં ગોલ્ડન અક્ષરોવાળી તકતી બનાવવાના કામ અંગે જરૂરી ભાવપત્રકો મંગાવેલ. આ બાબતે નિયત સમય–મર્યાદામાં ત્રણ ભાવપત્રકો આવેલ. આ અંગે આવે ભાવપત્રકોનું તુલનાત્મક પત્રક બનાવતા મુકેશભાઈ ચીમનલાલ સોમપુરા ના ભાવ રૂા.૬૫૦૦/– પ્રમાણે સૌથી કમી આવેલ છે. જે મંજુર રાખવામાં આવે છે તથા આ બાબતે થયેલ કાર્યવાહી તથા ખર્ચ મંજુર કરવામાં આવે છે. સદર કામગીરીનો ખર્ચ જે તે યોજના અંતર્ગત કરવા મંજુર રાખવામાં આવે છે તથા તે અંગે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં...૦૮૩...

## તારીખ.૨૦–૦૬–૨૦૧૮

ખંભાત નગરપાલિકામાં પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રીના હોદ્દાના ચાર્જની વિગત દર્શાવતો બોર્ડ રેડીયમ કલરના અક્ષરોનું બનાવવાની જરૂરી બાબતે સરકયુલર ટેન્ડર ફેરવી ભાવપત્રકો માંગવામાં આવેલ. સદર બાબતે નિયત સમય મર્યાદામાં આવેલ ચાર પત્રકો પૈકી શ્રી નિલ વિપુલભાઈ પટેલના ભાવ રૂા.૬૦૦૦/– પ્રમાણે સૌથી કમી આવેલ છે. સદર કામગીરીમાં ૫'.૦×૪'.૦" ના એ.સી બોર્ડમાં રેડીયમ કલરના કોમ્પ્યુરાઈઝડ્ અક્ષરો તથા એલ્યુમીનીયમ ફ્રેમ–કવર સાથે કમ્પ્લીટ કરી આપવાના રૂા.૬૦૦૦/– નંગ–૧ પ્રમાણે ના ભાવ મંજુર કરવામાં આવે છે તથા તે અંગેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે તથા તે અંગે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી